જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૫/૨૦૧૬ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૮૫/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૧૫૭ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૬,૯૦૦/- અજે જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૮૬/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૨૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ખુનની કોશિશની ફરીયાદ :- સમાચાર યાદી નં.૯૮૭/૧૬

**સાબરમતીઃ** અંજનાબહેન પુરણકુમાર પ્રજાપતિ (ઉ.વ.૩૧)(રહે. સાબરબાગ સોસાયટી સાબરમતી) એ તા.૨૭/૫/૧૬ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે પોતાના પતિ પુરણકુમાર અને સાસારીયાઓએ શારીરીક માનસીક ત્રાસ આપી તા.૨૬/૫/૧૬ રાતના ૧૦/૪૦ વાગ્યાના સુમારે સાસરીમાં પુરણકુમારે અંજનાબહેનનુ ગળુ દબાવી જાનથી મારી નાખવાની કોશિશ કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ જે ગોંડલીયા ચલાવે છે.

ઉપરોક્ત ગુનાના કામે સાબરમતી પોલીસે તા.૨૭/૫/૧૬ સાંજના ૬/૩૫ વાગે ત્રણ આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## અપહરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૯૮૮/૧૬

સાબરમતીઃ બબીતાબહેન તિલક ક્ષત્રીય (ઉ.વ.૧૬) (રહે. ૫૬૦ ડી ન્યુ રેલવે કોલોની સાબરમતી) ને તા.૧૬/૫/૧૬ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી વિદ્યાધર દેવાનંદ તાંદી (હાલ રહે. ગોંડલ રાજકોટ, મુળવતન ઓડીસ્સા) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ બબીતાબહેનની માતા શકુંતલાબહેન ક્ષત્રીયએ તા.૨૭/૫/૧૬ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ જે ગોંડલીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૯૮૯/૧૬**

**રાણીપઃ** કાળાભાઈ રેવાભાઈ સોલંકી (રહે.એફ/સી બંધુનગર એપાર્ટમેન્ટ રામજી મંદિર રોડ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૫/૧૬ કલાક ૨/૧૫ થી કલાક ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૭,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી બી પટેલ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૯૯૦/૧૬**

**આનંદનગરઃ** પ્રજ્ઞાબહેન હરેશભાઈ મહેતા (ઉ.વ.૫૨) (રહે.પ્રેરણા વિરાજ ટાવર વિભાગ-૧ રોજવુડ ટાવરની પાછળ જોધપુર આનંદનગર) તા.૨૭/૫/૧૬ રાતના ૯/૦૦ વાગ્યાનાં સુમારે રહેણાંક નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) બે પુરૂષ પ્રજ્ઞાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પ્રજ્ઞાબહેન મહેતાએ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રકુમાર શિવદાસભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)